PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST :
1). Veterinary Officer, Class II, Advt No. :34/2016-17(AQS)
2). Child Development Scheme Officer, Class II,
Advt No. : 59/2016-17(ART)
3). Horticulture Officer, Class II, Advt No. : 63/2016-17(ASU)
Date of Premilinary Test : 04-03-2017
Subject : General Studies ( 001 to 100 )
Date of Publication : 09-03-2017
Objections Send up to : 16-03-2017
Note:

1. All Suggestion are to be sent with reference to website published question paper with provisional answer key only.
2. All Suggestion are to be sent in the given format only.
3. Candidate must ensure the above compliance.

001. નામફાડા રાષ્ટ્રીય ઉદ્યાન શાના માટે પ્રખ્યાત છે?

(A) ઉડતી ખિસકોલી (B) સફેદ હાથી

(C) સફેદ વાઘ (D) યાયાવર પક્ષીઓ

002. વર્ષ 2011 ની વસ્તી ગણતરી મુજબ કયા રાજ્યની વસ્તી ગીચતા ગુજરાત કરતાં વધુ છે?

(A) હિમાચલ પ્રદેશ (B) ગોવા

(C) છત્તીસગઢ (D) ઓડિશા

003. બાબાબુદાન ટેકરીઓનું સૌથી ઊંચું શિખર કયું છે?

(A) મુલ્લયનગિરિ (B) નિલાયનગિરિ

(C) ડોડાબેટ્ટામગિરિ (D) મુકુર્તિગિરિ

004. નીચે પૈકી ક્યા રાજ્યમાં કાળી જમીન જોવા મળતી નથી?

(A) આંધ્રપ્રદેશ (B) તેલંગણા

(C) ગુજરાત (D) ઓડિશા

005. દ્વીપકલ્પીય ભારતનો સિંચાઈનો મુખ્ય સ્ત્રોત નીચે પૈકી ક્યો છે?

(A) નહેરો (B) તળાવો

(C) કૂવા અને ટ્યુબવેલ (D) ઉપરોક્ત બધા જ

006. માલઝખંડ શાના માટે જાણીતું છે?

(A) ચાંદીની ખાણો (B) સોનાની ખાણો

(C) તાંબાની ખાણો (D) હીરાની ખાણો

007. ભારતની કઈ નદીમાં વિશ્વનો સૌથી મોટો નદીય-દ્વીપ આવેલો છે?

(A) ગંગા (B) યમુના

(C) કોસી (D) બ્રહ્મપુત્ર

**008.** ભારતમાં આવેલા રાજ્યો તથા કેન્દ્રશાસિત ક્ષેત્રોમાં સૌથી વધુ વનાચ્છાદાન નીચેના પૈકી ક્યાં છે?

(A) અરૂણાચલ પ્રદેશ (B) લક્ષદ્વીપ ટાપુઓ

(C) આંદામાન અને નિકોબાર ટાપુઓ (D) નાગાલેન્ડ

**009.** "ગાંધીસાગર", "રાણા પ્રતાપ સાગર" અને "જવાહર સાગર" બંધ કઈ નદી પર બાંધવામાં આવ્યા છે?

(A) યમુના (B) બિયાસ

(C) ચંબલ (D) સતલજ

**010.** ભારતમાં માળખાગત વિકાસના વિશાળ પ્રોજેક્ટ્સ પૈકી એક પૂર્વ-પશ્ચિમ કોરીડર છે. આ કોરીડર પૂર્વમાં ક્યા સ્થળેથી શરૂ થશે?

(A) પોરબંદર (B) અમદાવાદ

(C) દ્વારકા (D) કચ્છ

**011.** "નાના ગીર" તરીકે ઓળખાતા પ્રદેશમાં આવેલા ડુંગરો ક્યા નામે ઓળખાય છે?

(A) ચાડવાના ડુંગરો (B) લોંચના ડુંગરો

(C) મોરઘાટના ડુંગરો (D) સરકલાના ડુંગરો

**012.** રતનજ્યોતના બીમાંથી તેલ મેળવવાની મિલ સૌપ્રથમ કઈ ઔદ્યોગિક વસાહતમાં શરૂ કરવામાં આવી છે?

(A) વેરાવળ (B) અંકલેશ્વર

(C) જામનગર (D) આજી

**013.** ક્યા નૃત્ય વખતે 'હૂંડિલા' કે હુંડલા' પ્રકારના શૌર્યગીતો ગવાય છે?

(A) મેરનૃત્ય (B) મેરાયો

(C) ડાંગીનૃત્ય (D) ગોફગૂંથણ

014. કૃષ્ણકાંત કડકિયા ક્યા ક્ષેત્ર સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે?

(A) સંગીતવાદન (B) કવિતા

(C) ભવાઈ (D) નવલકથા સાહિત્ય

015. 'ચેરિયાલ' શું છે?

(A) ભારતીય પ્રશિષ્ટ ચિત્રકળાનો એક પ્રકાર

(B) એક આદિજાતિનું નામ

(C) આદિવાસી નૃત્યનો એક પ્રકાર

(D) એક આદિવાસી ઉત્સવનું નામ

016. એક જ પથ્થરમાંથી બનાવાયેલ (Monolith type) કૈલાસમંદિર ક્યાં આવેલું છે?

(A) અજંતાની ગુફાઓ (B) ઈલોરાની ગુફાઓ

(C) એલિફન્ટાની ગુફાઓ (D) જોગીમારા ગુફાઓ

017. "આરી ખટલા" શું છે?

(A) લાકડાની સોયથી કરાતું ભરતકામ (B) લાખ પૂરીને બનાવાતું એક શિલ્પ

(C) ધાતુના તાર દ્વારા થતું ભરતકામ (D) ધાતુની મોટી સોયથી કરાતું ભરતકામ

018. ગુજરાતના કયા સ્થળ ખાતે સિંધુ સંસ્કૃતિ સમયના 'નિશાનીવાળા કે નામવાળા પાટિયાં કે બોર્ડ' (Harappan sign-Boards) મળી આવ્યા છે?

(A) રોજડી (B) લોથલ

(C) ધોળાવીરા (D) સુરકોટડા

019. 'અહલ્યા થી એલિઝાબેથ' કૃતિ કોની છે?

(A) હિમાંશી સેલત (B) સરોજ પાઠક

(C) વિનોદિની નીલકંઠ (D) ઈલા આરબ મહેતા

020. 'સંગમ સાહિત્ય' કઈ ભાષા સાથે જોડાયેલું છે?

(A) કન્નડ (B) તેલુગુ

(C) મલયાલમ (D) તમિલ

021. ભારતીય હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં ગુજરાતમાંથી ઉદ્ભવેલા ઘણા રાગોથી ગુજરાતે યોગદાન આપેલ છે. તેના સંદર્ભમાં નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ ખોટો છે?

(A) બિલાવલ
(B) સોરઠી (sorathi)
(C) ખંભાયતી
(D) ભૂપાલી

022. ગુજરાતી ભાષાની પ્રથમ ઈસ્ટમેન કલર ફિલ્મ કઈ?

(A) હોથલ પદમણી
(B) જેસલ તોરલ
(C) જિગર અને અમી
(D) લાખો ફૂલાણી

023. 'વિશાખા' નો તહેવાર ક્યા રાજ્યમાં ઉજવાય છે?

(A) કર્ણાટક
(B) પંજાબ
(C) મહારાષ્ટ્ર
(D) આંધ્રપ્રદેશ

024. મૌર્યકાળના સ્થાયત્યની સૌથી મોટી ઉપલબ્ધિ કઈ છે?

(A) સોમનાથ
(B) સાંચીનો સ્તૂપ
(C) મહાબલિપુરમ્
(D) પેગોડા

025. બૌદ્ધધર્મના અભ્યુદયમાં જે સ્થાન અશોકનું છે, તેવું જ સ્થાન જૈન ધર્મના અભ્યુદયમાં કોનું છે?

(A) ચંદ્રગુપ્ત મૌર્ય
(B) બિંદુસાર
(C) સંપ્રતિ
(D) બૃહદરથ

026. ભારતમાં સૌપ્રથમ લોકસેવા આયોગની સ્થાપના ક્યા અધિનિયમ હેઠળ થઈ હતી?

(A) 1861 નો અધિનિયમ
(B) ભારત સરકાર અધિનિયમ 1919
(C) 1909 નો અધિનિયમ
(D) ભારત સરકાર અધિનિયમ, 1935

027. ભારતમાં સૌપ્રથમ પોર્ટુગીઝ વાઈસરોય તરીકે કોણ હતું?

(A) ફ્રાંસિસ્કો-દ અલ્મોડા
(B) અલ્ફાંસો-દ-અલ્બુકર્ક
(C) વાસ્કોડીગામા
(D) કોરનેલિસ-ડ-હસ્તમાન

**028.** દક્ષિણ ભારતમાં અંગ્રેજોએ કર લેવાની કઈ પ્રથા લાગુ કરી હતી?

(A) ઈજારેદારી

(B) સ્થાયી બંદોબસ્ત (Permanent settlement)

(C) મહાલવારી

(D) રૈયતવારી

**029.** "ઈન્ડિયન રીપબ્લિકન આર્મી" નું ગઠન કોણે કર્યું હતું?

(A) સુભાષચન્દ્ર બોઝ (B) ગોપાલકૃષ્ણ ગોખલે

(C) સૂર્યસેન (D) ચંદ્રશેખર આઝાદ

**030.** નીચેના પૈકી કોણે 'મિત્રમેલા' નામની સંસ્થા સ્થાપી હતી, જે પાછળથી 'અભિનવ ભારત' નામથી જાણીતી બની હતી?

(A) વીર સાવરકર (B) વાસુદેવ બળવંત ફળકે

(C) ખુદીરામ બોઝ (D) ચંદ્રશેખર આઝાદ

**031.** ગોવા, દમણ અને દીવ પોર્ટુગીઝ શાસનમાંથી ક્યારે મુક્ત થયા?

(A) જુલાઈ, 1961 (B) નવેમ્બર, 1961

(C) ડિસેમ્બર, 1961 (D) જાન્યુઆરી, 1962

**032.** યોગ્ય રીતે જોડો.

| | ઘટના | | વર્ષ |
|---|---|---|---|
| (i) | અસહયોગ આંદોલન | 1. | 1942 |
| (ii) | સવિનય કાનૂનભંગ | 2. | 1920 |
| (iii) | હિન્દ છોડો આંદોલન | 3. | 1930 |
| (iv) | હોમરૂલ આંદોલન | 4. | 1916 |

| | (i) | (ii) | (iii) | (iv) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 1 | 2 | 3 | 4 |

033. ક્યા પ્રાચીન-સમયકાળ દરમિયાન રાજા અને યુવરાજ સાથે શાસન કરતા?

(A) મૌર્યકાળ
(B) પાંડ્યકાળ
(C) ગુપ્તકાળ
(D) શક-ક્ષત્રપકાળ

034. ગુજરાતમાં સ્વતંત્ર, સલ્તનતકાળ દરમ્યાન ક્યા અધિકારીને 'નિઝામુલમુલ્ક' કહેવામાં આવતો?

(A) વજીર
(B) વજીરમંડળનો વડો
(C) સેનાપતિ કે સૈન્યનો વડો
(D) સુલ્તાન સ્વયં આ હોદ્દો ધરાવતા

035. વોટર સેટલમેન્ટ નીચે પૈકી કઈ બાબતથી સંબંધિત છે?

(A) ખંડણી
(B) લશ્કરી ખર્ચ
(C) મહેસૂલ
(D) ગાયકવાડને ફરજિયાત ભેટ રૂપે આપવાની રકમ

036. મુસ્લીમ લીગે સીધી કાર્યવાહીનો દિવસ ક્યારે મનાવ્યો હતો?

(A) 15 ઓગસ્ટ, 1946
(B) 13 ઓગસ્ટ, 1946
(C) 16 ઓગસ્ટ, 1946
(D) 16 ઓગસ્ટ, 1945

037. "ચાલુ ખાતાની ખાદ્ય" એટલે શું?

(A) નાણા બજેટમાં ચાલુ વર્ષ દરમ્યાન થયેલ ખાદ્ય
(B) ચૂકવણી સમતુલાની મૂડીખાતાની બાજુમાં ખાદ્યની સ્થિતિ
(C) દેશમાં થતી વસ્તુઓની આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત તથા મૂડી ખાતાની કુલ રકમનો સરવાળો
(D) કુલ આયાત અને કુલ નિકાસ વચ્ચેનો તફાવત અને મળેલ હસ્તાંતરિત ચૂકવણાનો સરવાળો

038. ક્યા યુરોપીય સમુદાયે ભારત સાથે પ્રથમ વ્યાપારી સંબંધો સ્થાપિત કર્યા હતા?

(A) બ્રિટીશના
(B) ડચના
(C) પોર્ટુગીઝના
(D) ફ્રાંસના

039. યુનીટ કન્ફર્મેશન રિસીપ્ટ શું છે?

(A) ભારતીય મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ બદલ વિદેશી રોકાણકારોને મળતા પ્રમાણપત્ર

(B) ઓપન એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેનું ફોર્મ

(C) ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ કરતા પહેલાં મેળવવી પડતી રિસીપ્ટ

(D) ઉપર્યુક્ત એકપણ નહીં.

040. આઝાદી પહેલાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ કોણ હતા?

(A) જવાહરલાલ નહેરૂ

(B) સુભાષચન્દ્ર બોઝ

(C) મોતીલાલ નહેરુ

(D) માનવેન્દ્રનાથ રોય

041. ભારતનું એકમાત્ર કંપની સ્વરૂપે નોંધાયેલ મોટું બંદર (Corporatised Major Port) કયું છે?

(A) કંડલા

(B) મુંબઈ

(C) કમરાજાર

(D) નાહ્વાશેવા (JNPT)

042. ભારતના વિવિધ શહેરોમાં રહેણાંક મકાનોના ભાવમાં થતો વધારો-ઘટાડો દર્શાવતો સૂચકાંક "RESIDEX" કોના દ્વારા બહાર પાડવામાં આવે છે?

(A) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા

(B) સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

(C) શહેરી આવાસન મંત્રાલય, ભારત સરકાર

(D) નેશનલ હાઉસિંગ બેન્ક

043. બ્રિટીશ સરકારે સૌ પ્રથમ વખત ભારતમાં 1 એપ્રિલ, 1869 થી આકવવેરાનો અમલ શરૂ કરેલ હતો. આવકવેરાનો દર કેટલો હતો?

(A) 5%

(B) 8%

(C) 1%

(D) 10%

044. ભીલાઈ, દુર્ગાપુર અને રૂરકેલાના સ્ટીલ પ્લાન્ટની કઈ પંચવર્ષીય યોજના દરમ્યાન સ્થાપના થઈ હતી?

(A) પહેલી
(B) બીજી
(C) ત્રીજી
(D) ચોથી

045. કઈ પંચવર્ષીય યોજના તેની અવધિ પૂરી થાય તે પહેલાં રદ કરવામાં આવી હતી?

(A) સાતમી
(B) પાંચમી
(C) આઠમી
(D) છઠ્ઠી

046. સ્વાતંત્ર્ય બાદ ભારતમાં પ્લાનીંગ કમિશનની રચના ક્યારે કરવામાં આવેલ હતી?

(A) 15 માર્ચ 1950
(B) 1 માર્ચ 1950
(C) 15 ફેબ્રુઆરી 1950
(D) 30 માર્ચ 1950

047. ભારત સરકારના ક્યા વર્ષના બજેટમાં અટલ ઈનોવેશન મિશન, સેલ્ફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટેલન્ટ યુટીલાઈઝેશન અને યુનીફાઈડ નેશનલ એગ્રીકલ્ચર માર્કેટની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવેલ છે?

(A) વર્ષ 2014
(B) વર્ષ 2015
(C) વર્ષ 2016
(D) વર્ષ 2017

048. "પ્રધાનમંત્રી જનધન યોજનાનું" સૂત્ર (slogan) શું છે?

(A) મેરા ખાતા ભાગ્ય વિધાતા
(B) મેરા ખાતા દેશ પહેચાન
(C) એક ખાતા સબકે લીયે
(D) મેરા ખાતા અન્ન દાતા

049. કિસાન વિકાસ પત્રમાં રોકાણ કરેલ રકમ ક્યારે બમણી થાય છે?

(A) 7 વર્ષ 3 માસ
(B) 6 વર્ષ 5 માસ
(C) 8 વર્ષ 4 માસ
(D) 7 વર્ષ 6 માસ

050. રાજ્યપાલશ્રી નીચેના પૈકી કોની નિમણૂંક કરતા નથી?

(A) રાજ્ય માહિતી પંચના અધ્યક્ષ
(B) રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ
(C) વડી અદાલતના ન્યાયમૂર્તિશ્રીઓ
(D) રાજ્યના એડવોકેટ જનરલ

051. સમાનતાના હક્કમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?

1. કાયદા સમક્ષ સમાનતા
2. ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન કે એમાનાં કોઈ કારણે ભેદભાવ કરી શકાશે નહીં.
3. તમામ નાગરિકો માટે નોકરીમાં સમાન તકો.
4. પુરૂષો અને સ્ત્રીઓ બંનેને સરખા કામ માટે સરખો પગાર મળે.

(A) 1 અને 2
(B) 2 અને 3
(C) 1, 2 અને 4
(D) 1, 2 અને 3

052. અસ્પૃશ્યતા નાબૂદીના સંબંધમાં સંવિધાનમાં નીચેની કઈ જોગવાઈ નથી?

1. અસ્પૃશ્યતા આચરણની મના કરે છે.
2. અસ્પૃશ્યતામાંથી ઉદ્‌ભવતિ કોઈ નિર્યોગ્યતા લાગુ પાડવી તે શિક્ષાપાત્ર ગુનો ગણવામાં આવેલ છે.
3. વિધાન-2 ના સંબંધમાં શિક્ષાની ચોક્કસ જોગવાઈ કરવામાં આવેલ છે.
4. અસ્પૃશ્યતાને જઘન્ય ગુનો ગણવામાં આવેલ છે.

(A) 1, 2 અને 3
(B) 3 અને 4
(C) 2, 3 અને 4
(D) 4

053. આમુખમાં કયા બંધારણીય સુધારા દ્વારા સમાજવાદી, અખંડિતતા, બિનસાંપ્રદાયિકતા એ શબ્દો ઉમેરવામાં આવ્યા?

(A) 42 મા
(B) 40 મા
(C) 44 મા
(D) 46 મા

054. કયા દેશના બંધારણમાંથી ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારોનો ખ્યાલ લેવામાં આવ્યો છે?

(A) ઈંગ્લેન્ડ
(B) રશિયા
(C) અમેરિકા
(D) ઓસ્ટ્રેલિયા

055. બંધારણીય ઈલાજોનો અધિકાર બંધારણના કયા અનુચ્છેદમાં દર્શાવેલ છે?

(A) અનુચ્છેદ - 30
(B) અનુચ્છેદ - 32
(C) અનુચ્છેદ - 31
(D) અનુચ્છેદ - 33

056. ભારતીય બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કયા દેશના બંધારણથી પ્રેરિત છે?

(A) અમેરિકા
(B) જર્મની
(C) રશિયા
(D) આયર્લેન્ડ

057. કઈ સમિતિની ભલામણથી મતદાનની ઉંમર 18 વર્ષ કરવામાં આવી હતી?

(A) સંથાનમ સમિતિ
(B) તારકુન્ડે સમિતિ
(C) ઈન્દ્રજીત સમિતિ
(D) દિનેશ ગોસ્વામી સમિતિ

058. કઈ સમિતિએ પંચાયતીરાજ સંસ્થાઓને ચારસ્તરીય બનાવવાની ભલામણ કરી હતી?

(A) અશોક મહેતા સમિતિ
(B) બળવંતરાય મહેતા સમિતિ
(C) પી. કે. થુંગન સમિતિ
(D) જી. વી. કે. રાવ સમિતિ

059. પ્રથમ રાષ્ટ્રીય નાણાપંચના અધ્યક્ષ કોણ હતા?

(A) વાય. વી. રેડ્ડી
(B) કે.સી. નિયોગી
(C) કે. સાંથનમ
(D) વિજય કેલકર

060. લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ મુજબ લોકપાલના કાર્યક્ષેત્ર હેઠળ નીચે પૈકી કોણ સમાવિષ્ટ છે?

(A) પ્રધાનમંત્રી
(B) મુખ્યમંત્રી
(C) રાષ્ટ્રપતિ
(D) રાજ્યપાલ

061. સંઘ અને રાજ્ય લોક સેવા આયોગની બાબતમાં નીચે પૈકી ક્યું વિધાન સાચું છે?

(A) સંઘ લોકસેવા આયોગ અને રાજ્ય લોકસેવા આયોગ બંધારણના અનુક્રમે અનુચ્છેદ 315 અને 316 હેઠળ સ્થપાય છે.
(B) સંઘ લોક સેવા આયોગ અને રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.
(C) સંઘ લોક સેવા આયોગના સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા અને રાજ્ય લોક સેવા આયોગના સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.
(D) ઉપર પૈકી એકપણ નહિ.

062. 

(A) સાચું જળ પ્રતિબિંબ (1) છે.
(B) સાચું જળ પ્રતિબિંબ (2) છે
(C) સાચું જળ પ્રતિબિંબ (3) છે
(D) સાચું જળ પ્રતિબિંબ (4) છે

063. સૂચનાઃ નીચે આપેલ ચિત્રો જોઈ તાર્કિક રીતે '?' ના સ્થાને (1) થી (4) પૈકી કયું ચિત્ર આવે તે જણાવો.






(1) (2) (3) (4)

(A) આપેલ '?' ના સ્થાને (1) આવે
(B) આપેલ '?' ના સ્થાને (2) આવે
(C) આપેલ '?' ના સ્થાને (3) આવે
(D) આપેલ '?' ના સ્થાને (4) આવે

064. જો 8 પુરૂષો 80 હેક્ટરના ખેતરને 24 દિવસમાં લખી શકે, તો 36 પુરૂષો 30 દિવસમાં કેટલા હેક્ટર ખેતરની લણણી કરી શકે?

(A) 450 હેક્ટર
(B) 360 હેક્ટર
(C) 420 હેક્ટર
(D) 120 હેક્ટર

065. 1, 8, ?, 64, 125

(A) 21
(B) 27
(C) 36
(D) 55

**066.** $\frac{8}{16}, \frac{11}{22}, \frac{17}{34}, \frac{?}{}$

(A) $\frac{34}{78}$ (B) $\frac{28}{46}$

(C) $\frac{31}{64}$ (D) $\frac{23}{46}$

**067.** $\frac{1}{3} \times \frac{3}{4} \div \frac{5}{4} \times \frac{5}{6} \div \frac{7}{6} = \frac{?}{}$

(A) $\frac{1}{3}$ (B) $4/3$

(C) $\frac{1}{7}$ (D) $\frac{3}{4}$

**068.** એક ગામની વસ્તી 6,000 છે. પ્રતિ વર્ષ 10% ના દરે તેમાં વધારો થાય છે, તો ત્રણ વર્ષ પછી તે ગામની વસ્તી કેટલી હશે?

(A) 7800 (B) 7986

(C) 7860 (D) 7980

**069.** એક પરીક્ષામાં પાસ થવાનું ધોરણ 50% છે. એક વિદ્યાર્થી 118 ગુણ મેળવે છે. અને 32 ગુણથી નાપાસ થાય છે, તો પરીક્ષાના કુલ ગુણ કેટલા હશે?

(A) 250 (B) 400

(C) 300 (D) 200

**070.** છગનનો પગાર મગન કરતાં 20% ઓછો છે, તો મગનનો પગાર છગન કરતા કેટલા ટકા વધુ થાય?

(A) 20% (B) 25%

(C) 10% (D) 40%

**071.** એક વસ્તુની કિંમત રૂ 200 છે. અને તેની ઉપર ક્રમશઃ 25% અને 30% ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે. તો તેની વેચાણ કિંમત કેટલી થશે.

(A) 112 (B) 90

(C) 105 (D) 125

072. જો કોઈ કૂટ-ભાષામાં UNITED ને SLGRCB લખવામાં આવે છે તો એ જ ભાષામાં DISOWN ને ક્યા રૂપમાં લખવામાં આવે?

(A) BGQMUL
(B) CGRLTK
(C) CGRTLK
(D) BGQLUM

073. એક બસમાં જ્યારે મુસાફરી શરૂ થઈ ત્યારે કેટલાક યાત્રીઓ બેઠા હતા, પહેલા સ્ટોપ પર કુલ પૈકી અર્ધા મુસાફરી ઉતરી ગયા અને 35 મુસાફરો ચઢ્યા. બીજા સ્ટોપ પર 20% યાત્રીઓ ઉતરી ગયા અને 40 ચઢ્યા. ત્યારબાદ બસમાં 80 યાત્રીઓ હતા. તો શરૂઆતમાં બસમાં કેટલા યાત્રીઓ હશે?

(A) 25
(B) 30
(C) 40
(D) 50

074. આબોહવા પરિવર્તન અંગે સંશોધન કરતી IPCC – Intergovernmental Panel on climate change ની રચના નીચે પૈકી કઈ સંસ્થા/ઓ દ્વારા થઈ હતી?

(A) સંયુક્ત રાષ્ટ્રસંઘ
(B) સંયુક્ત રાષ્ટ્રસંઘ અને વિશ્વ મૌસમ સંગઠન (World Meteorological Organisation)
(C) ગ્રીન પીસ અને સંયુક્ત રાષ્ટ્રસંઘ
(D) વિશ્વ મૌસમ સંગઠન અને યુ. એન. ઈ. પી. (UNEP)

075. મહાસ્મસ રોગ શાની ઊણપથી થાય છે?

(A) લોહતત્ત્વ
(B) પ્રોટીન
(C) વિટામીન
(D) આયોડીન

076. નીચે પૈકી કઈ રોકેટ ટેક્નોલોજીમાં પ્રવાહી ઓક્સિજનનો ઉપયોગ થાય છે?

(A) સ્ક્રેમજેટ ટેક્નોલોજી
(B) રેમજેટ ટેક્નોલોજી
(C) બોલિસ્ટિક ટેક્નોલોજી
(D) ક્રાયોજેનિક ટેક્નોલોજી

077. 'પ્રદ્યુમ્ન' એ શું છે?

(A) પૃથ્વી એર ડિફેન્સ સિસ્ટમ

(B) એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ

(C) ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ

(D) એક ઉપગ્રહ

078. સ્માર્ટ મોબાઈલ ફોન પ્રોસેસર અને તેને બનાવનાર મૂળ કંપનીની નીચે આપેલ જોડ પૈકી કઈ ખોટી છે?

(A) Snapdragon Processor – Quacomm

(B) Apple T processor – Apple

(C) Atom Processor – Intel

(D) Tegra K1 Processor – Nvidia

079. મોબાઈલ ફોનમાંથી ઉત્સર્જિત વિકિરણ આરોગ્યને નુકસાન ન કરે તે માટેની સ્પેસિફિક એબ્સોપર્શન રેટ લિમિટ (Specific Absorption Rate – SAR limit) નક્કી કરવામાં આવી છે. આ મર્યાદા અંગે વર્તમાન સમયમાં ભારત કઈ સંસ્થાની માર્ગદર્શિકા આધારભૂત ગણે છે?

(A) ઈન્ટરનેશનલ ટેલીકોમ્યુનિકેશન યુનિયન

(B) ઈન્ટરનેશનલ કમિશન ફોર આયોનાઈઝીંગ રેડિયેશન એક્સપોઝર ગાઈડલાઈન્સ

(C) ઈન્ટરનેશનલ કમિશન ઓન નનઆયોડાઈઝીંગ રેડિયેશન પ્રોટેક્શન ગાઈડલાઈન્સ

(D) ઈન્ટરનેશનલ ટેલિકોમ રેગ્યુલેટરી કમિશન ગાઈડલાઈન્સ

080. IUCN સંસ્થા જીવાવરણની વિવિધ પ્રજાતિઓના સંરક્ષણ અને જતન માટે કાર્યરત છે. નીચે પૈકી કયું તેનું સાચું પૂરૂ નામ છે?

(A) International Union for Controlling Noise in Forests

(B) International Unit for Conservation and Nature's protection

(C) International Union for Conservation of Nature

(D) International Unit for conservation of Nature

081. કેસ્સિનિ-હ્યુજિન્સ (Cassini Huygens) સ્પેશક્રાફ્ટ ક્યા ગ્રહની કક્ષામાં પ્રવેશનાર પ્રથમ સ્પેશક્રાફ્ટ છે?

(A) બુધ
(B) શનિ
(C) મંગળ
(D) શુક્ર

082. નીચે પૈકી ક્યા ભારતીય વિજ્ઞાનીના નેતૃત્વમાં વિજ્ઞાનીઓએ સામાન્ય તાપમાને કોઈપણ પાવર કે રસાયણના ઉપયોગ વિના પાણી આધારિત હાઈડ્રો ઈલેક્ટ્રિક સેલમાંથી વીજળી ઉત્પન્ન કરી?

(A) ડૉ. એસ. આર. સુબ્રમણ્યમ
(B) ડૉ. એસ. આર. રાણા
(C) ડૉ. આર. કે. કોટનાલા
(D) ડૉ. આર. કે. કટવાલ

083. "મેમાંગ નારંગ" (Memang Narang) નામનું ફળ ભારતના ક્યા રાજ્યમાં પેદા થાય છે?

(A) મેઘાલય
(B) ત્રિપુરા
(C) અરૂણાચલપ્રદેશ
(D) અસમ

084. "Coradia – ilint" ક્યા દેશ દ્વારા બનાવાયેલ પ્રથમ શૂન્ય ઉત્સર્જન ધરાવતી અને હાઈડ્રોજન ઈંધણ સંચલિત ટ્રેઈન છે?

(A) ચીન
(B) યુ.એસ.એ
(C) ફ્રાન્સ
(D) જર્મની

085. વિદ્યુત ઘડિયાળ (Elecric clock) ની શોધ નીચેના પૈકી ક્યા વૈજ્ઞાનિકે કરી હતી?

(A) વિલિયમ હાર્વે
(B) લેવાયસિએ
(C) એલેકઝાન્ડર બેઈન
(D) ગોલ્ડસ્ટીન

086. "ઓપરેશન ડેઝર્ટહોક" ક્યા દેશ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે?

(A) ચીન
(B) પાકિસ્તાન
(C) ભારત
(D) અફઘાનિસ્તાન

087. ફીફા વર્લ્ડકપ-2018 નું મેસ્કોટ 'ઝાબીવાકા' કયું પ્રાણી છે?

(A) વરૂ
(B) ગેંડો
(C) સફેદ હાથી
(D) સફેદ વાઘ

088. પઠાણકોટ આતંકવાદી હૂમલા સામે ભારતીય સૈન્ય દ્વારા કયું ઓપરેશન ચલાવવામાં આવ્યું?

(A) ઓપરેશન સીબક યોર્ન
(B) ઓપરેશન ગ્રીનહેર
(C) ઓપરેશન વિનાશ
(D) ઓપરેશન ધાંગુ સુરક્ષા

089. પ્રથમ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સ્કિલ્સ્ટ ક્યા શહેરમાં બનશે?

(A) ગાંધીનગર
(B) રાજગીર-નાલંદા
(C) કાનપુર
(D) લખનૌ

090. કોબ્રા ગોલ્ડ 2016 માટે નીચે પૈકી કયું વિધાન ખોટું છે?

(A) તે એક મલ્ટિલેટરલ એમ્ફિબિયસ કવાયત છે.
(B) 2016 માં ભારત પ્રથમ વખત સામેલ થયું
(C) તેમાં 35 દેશો સામેલ થયા છે.
(D) 2016નાં આ કવાયતની યજમાની ઈન્ડોનેશિયા દ્વારા કરાઈ છે.

091. વર્ષ 2016નાં યુનેસ્કો દ્વારા કયા સ્થપતિ દ્વારા નિયોજિત બાંધકામોને વિશ્વ વિરાસત જાહેર કરવામાં આવી?

(A) લુઈસ ખાન (Louis Khan)
(B) લે કાર્ટર (Le Carter)
(C) લે કોર્બુઝીયર (Le Corbusier)
(D) નેકચંદ (Nekchand)

092. અતુલ એસ. પાંડે દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ છે. જેમાં સૂર્ય લાલ અને પીળા રંગનો છે અને કેન્દ્રમાં આંગળીઓના નિશાન છે. જે દરેકને સમાન તકનું સૂચન કરે છે. આ રાષ્ટ્રીય નામ/લોગો ......... નો છે.

(A) આધાર
(B) પાસપોર્ટ
(C) ડ્રાઈવીંગ લાયસન્સ
(D) ઉપર પૈકી એકપણ નહીં

093. મહિલા હોકી જુનિયર વિશ્વકપ, 2016 નો ખિતાબ કયા દેશને મળેલ છે?
(A) હોલેન્ડ
(B) ઓસ્ટ્રેલિયા
(C) આર્જેન્ટીના
(D) ચિલી

094. વર્ષ 2017-18 માં સામાન્ય બજેટની સાથે જ રેલ્વે બજેટનો સમાવેશ કરવામાં આવેલ છે. જે .......... વર્ષથી રેલ્વે બજેટ અલગ રજૂ કરવા માટે અનુસરાતી પદ્ધતિનો અંત આવેલ છે.
(A) 92
(B) 95
(C) 94
(D) 97

095. ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ 2017 માં જાહેર કરાયેલ પદ્મ એવોર્ડ્ઝ માં ....... પદ્મવિભૂષણ, ........ પદ્મભૂષણ અને ...... પદ્મશ્રી એવોર્ડ્ઝનો સમાવેશ થાય છે.
(A) 8, 7, 74
(B) 8, 8, 73
(C) 7, 7, 75
(D) 9, 6, 74

096. બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના વહીવટી સંચાલન માટે સર્વોચ્ચ અદાલત દ્વારા નીમવામાં આવેલ ચાર સભ્યોની કમિટીના વડા કોણ છે?
(A) ડૉ. વિજય પાંડુરંગા
(B) ડૉ. અનિલ બંદોપાધ્યાય
(C) આલોકકુમાર વર્મા
(D) વિનોદ રાય

097. નાગાલેન્ડના રાજ્યપાલશ્રી પી. બી. આચાર્યને કયા રાજ્યના રાજ્યપાલનો વધારાનો ચાર્જ આપવામાં આવેલ છે?
(A) આસામ
(B) અરૂણાચલ પ્રદેશ
(C) મિઝોરમ
(D) ત્રિપુરા

098. જાન્યુઆરી 2017માં 14મા પ્રવાસી ભારતીય દિવસનું આયોજન નીચેના પૈકી કયા સ્થળે કરવામાં આવેલ હતું?
(A) ગાંધીનગર
(B) મુંબઈ
(C) બેંગ્લોર
(D) કલકત્તા

**099.** ભારતના કયા કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા “સ્વચ્છ બાલ સેના” બનાવવાની જાહેરાત કરી છે, જે સફાઇ પર નિગરાની રાખશે અને જ્યાં ગંદકી કરવામાં આવતી હશે ત્યાં તે સેના દ્વારા સિસોટી વગાડવામાં આવશે.

(A) ચંદીગઢ
(B) દીવ
(C) અંદામાન તથા નિકોબાર
(D) પોંડીચેરી

**100.** વરિષ્ઠ પેન્શન વીમા યોજના, 2017 અંતર્ગત જમા રકમ પર 8% ના દર આધારિત પેન્શન ........... વર્ષો સુધી આપવામાં આવનાર છે.

(A) 5
(B) 7
(C) 10
(D) 8